४८१४

श्रीः

गुजराती समश्लोकी

गङ्गालहरी.

रचनार,

रामचन्द्र शिवाजी जुन्नरकर.

मरहुम दिवान संस्थान ध्रांगध्रा.

तेने

तेमना पुत्र केशवराव रामचंद्र तथा बळवंतराव रामचन्द्रे

फुटनोटसहित

पण्डितवर जगन्नाथजीना

मूळ श्लोकोसाथे

मुम्बई,

निर्णयसागर यन्त्रालयमां छपावी प्रसिद्ध करी.

शाके १८१३, संवत् १९४७.

किमत चार आना.

श्रीः

गुजराती समश्लोकी गंगालहरी

शिखरिणी वृत्त.

समृद्धं सौभाग्यं सकलवसुधायाः किमपि तन्
महैश्वर्यं लीलाजनितजगतः खण्डपरशोः ।
श्रुतीनां सर्वस्वं सुकृतमथ मूर्तं सुमनसां
सुधासौन्दर्यं ते सलिलमशिवं नः शमयतु ॥ १ ॥

સમૃદ્ધી સૌભાગ્ય પ્રથિવિ બધિનૂં કેવળ ખરૂં,
સૃજે જે લીલાએ શિવ જગ [1]તદૈશ્વર્ય જબરૂં;
શ્રુતીનૂં સર્વસ્વ, [2]સુરમુરતવન્તૂં સુકૃત, ને
સુધાવજ્જે મીઠૂં તુજ જળ હરો આ [3]અશુભને. ૧

दरिद्राणां दैन्यं दुरितमथ दुर्वासनहृदां
द्रुतं दूरीकुर्वन्सकृदपि गतो दृष्टिसरणिम् ।
अपि द्रागाविद्याद्रुमदलनदीक्षागुरुरिह
प्रवाहस्ते वारां श्रियमयमपारां दिशतु नः ॥ २ ॥

---

૧ તે શિવનું ઐશ્વર્ય. ૨ દેવતાઓનું મૂર્તિમન્ત સુકૃત. ૩ પાપ.

[1]દરિદ્રી-દૈન્યોને વળિ દુરિતને દુર્જનતણાં,
કરે કોડે કોરે ઝડપથિ ઝપાટે નજરના;
[2]અવિદ્યાવૃક્ષોનો [3]હનનકર [4]દીક્ષાગુરુ બને,
તમારો તે રૂડો [5]પ્રવહ વડિ દેજો [6]શ્રિ અમને. ૨

उदञ्चन्मात्सर्यस्फुटकपटहेरम्बजननी-
कटाक्षव्याक्षेपक्षणजनितसंक्षोभनिवहाः ।
भवन्तु त्वङ्गन्तो हरशिरसि गंगातनुभुव-
स्तरङ्गाः प्रोत्तुङ्गा दुरितभवभङ्गाय भवताम् ॥ ३ ॥

[7]સપત્નીના દ્વેષે ગજવદનમાતા સ્વ કપટે,
કટાક્ષે જોવાથી ખળભળ થતો ક્ષોભ પ્રગટે;
શિરે શમ્ભૂકેરે જનનિ! તુજ ઊંચા ઉછળતા,-
[8]તરંગો તે થાજો [9]જન-ભવ-ભયો-ભંગકરતા. ૩

तवालम्बादम्ब ! स्फुरदलघुगर्वेण सहसा
मया सर्वेऽवज्ञासरणिमथ नीताः सुरगणाः ।
इदानीमौदास्यं भजसि यदि भागीरथि! तदा
निराधारो हा रोदिमि कथय केषामिह पुरः? ॥ ४ ॥

ગણી ના લેખામાં જનનિ! ઉપરાણે તમતણે,
અવજ્ઞા મેં કીધી અમરગણની ઉદ્ધતપણે;

---

૧ દરિદ્રિયોનાં દીનપણાને. ૨ અવિદ્યારૂપી વૃક્ષોનો. ૩ નાશ કરનાર. ૪ બોધ આપનાર. ૫ પ્રવાહ. ૬ સંપત્તિ. ૭ શૉક્યના ખારથી. ૮ મોજાં. ૯ માણસોના સંસારસંબંધી ભયોના નાશ કરનાર.

પડ્યો પલ્લે તારે; કદિ તું તરછોડીશ મુજને,
નિરાધારી ભારી રહું કવણ પાસે હું [1]વદને? ૪

स्मृतिं याता पुंसामकृतसुकृतानामपि च या
हरत्यंतस्तन्द्रां तिमिरमिव चंद्रांशुसरणिः ।
इयं सा ते मूर्तिः सकलसुरसंसेव्यसलिला
ममान्तःसन्तापं त्रिविधमथ पापं च हरताम् ॥ ५ ॥

કરે ના સત્કર્માદ્યચરણ પણ તૂંનેજ સ્મરતાં,
હરે [2]જાડ્યો તેનાં, શશિ તિમિરને જેમ ઉગતાં;
તમારી એ સારી [3]સલિલમુરતી [4]સેવ્ય સુરને,
હરો મારા [5]તાપો વળિ [6]ત્રિવિધ પાપો સખિમને. ૫

अपि प्राज्यं राज्यं तृणमिव परित्यज्य सहसा
विलोलद्वानीरं तव जननि ! तीरं श्रितवताम् ।
सुधातः स्वादीयः सलिलभरमातृप्ति पिबतां
जनानामानन्दः परिहसति निर्वाणपदवीम् ॥ ६ ॥

તજીને [7]સામ્રાજ્યો તૃણ સમ ગણીને ગુણિજનો—
વસે તારે તીરે, જનનિ! [8]ચળ જ્યાં નેતર ઘણો;

---

૧ કે'ને. ૨ અજ્ઞાનરૂપ આળસ. ૩ પાણીની મુર્ત્તિ. ૪ સેવન કરવાયોગ્ય. ૫ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ તાપો. ૬ કાઇક, વાચિક અને માનસિક એ ત્રણ પાપ. ૭ સારાં રાજ્ય. ૮ ચંચળ, હાલતો.

પિયે તૃપ્તી સૂધી અમૃતથિહિ સ્વાદિષ્ટ જળને,
કરે હાંસી પોતે તુજ ગણિજ [1]નિર્વાણપદને. ૬

प्रभाते स्नातीनां नृपतिरमणीनां कुचतटी-
गतो **मात**र्यावन्मिलति तव तोयैर्मृगमदः ।
मृगास्तावद्वैमानिकशतसहस्रैः परिवृता
विशन्ति स्वच्छन्दं विमलवपुषो **नन्दनवनम्** ॥ ७ ॥

[2]નરાધીપસ્ત્રીના સ્તનપર ભરી કસ્તુરિ સહી;
પ્રભાતે ન્હાતાં તે તુજ જળનિ સાથે મળિ ગઈ;
થઈ ત્યાં કસ્તૂરીમૃગ [3]પુનિત તે નિર્મળ તને,
પ્રવેશે સ્વચ્છન્દે સુરસહિત રે! નન્દનવને. ૭

स्मृतं सद्यः स्वान्तं विरचयति शान्तं सकृदपि
प्रगीतं यत्पापं झटिति भवतापं च हरति ।
इदं तद्गङ्गेति श्रवणरमणीयं खलु पदं
मम प्राणप्रान्तर्वदनकमलान्तार्विलसतु ॥ ८ ॥

સ્મરન્તાં નિભ્રાંન્તે નકિ મનનિ શાન્તી ઝટ કરે,
ગિતે ગાતાં પાપો સકળ ભવતાપો પરહરે;
રૂડો "ગંગા" એવો અતિ મધુર જે શબ્દ કરણે,
હજ્યો તે પ્રાણાન્તે વદનકમળે રે! મુજતણે. ૮

यदन्तः खेलन्तो बहुलतरसन्तोषभरिता
न काका **नाकाधीश्वरनगर**साकाङ्क्षमनसः ।

---

૧ મોક્ષપદ. ૨ રાજાઓની રાણીના. ૩ પવિત્ર.

निवासाल्लोकानां जनिमरणशोकापहरणम्
तदेतत्ते **तीरं** श्रमशमनधीरं भवतु नः ॥ ९ ॥

ક્રિડન્તાં જે સ્થાને બહુજ ખુશિ માને સરવદા,
ન [1]કાકો [2]નાકાધીશ્વરનગર ચાહે મન કદા;
નિવાસે લોકોનાં [3]જનિ-મરણ-શોકો પણ હરે,
તમારૂં તે તીર [4]શ્રમશમન ધીરે મુજ કરે. ૯

न यत्साक्षाद्वेदैरपि गलितभेदैरवसितं
न यस्मिन् जीवानां प्रसरति मनोवागवसरः ।
निराकारं नित्यं निजमहिमनिर्वासिततमो
विशुद्धं यत्तत्त्वं **सुरतटिनि!** तत्त्वं न विषयः॥१०॥

જણાયે ના [5]ભેદોરહિત શુભ વેદોથકિ, અને,
ન જીવોની પ્હોચે મન વચનની જ્યાં ગતિ કને;
નિરાકારી નિત્ય પ્રગટ નિજ રૂપે સ્થિતિ કરે,
[6]વિશુદ્ધી વાળૂં એ બિન વિષયનૂં **તત્ત્વ** તું ખરે. ૧૦

महादानैर्ध्यानैर्बहुविधवितानैरपि च य-
न्न लभ्यं घोराभिः सुविमलतपोराशिभिरपि ।
अचिन्त्यं त**द्विष्णोः** पदमखिलसाधारणतया
ददाना केनासि त्वमिह तुलनीया? कथय नः ॥११॥

---

૧ કાગડાઓ. ૨ સ્વર્ગનાપતી ઇંદ્રનું નગર. ૩ જન્મ, મરણ અને શોક. ૪ થાકની શાન્તી. ૫ ભેદોવિનાના સારા વેદોથી. ૬ માયાથી વેગળું.

મહા દાનો ધ્યાનો વ્રત નિયમ યજ્ઞાદિકથકી,
પમાયે ના કોઈ કઠણ તપને આદરિ નકી;
ભલૂં તે વિષ્ણુનૂં પદ સહજ દેછે જનિ! [1]તકે,
કહે માડી! આજે કવણ તુજ જેવી થઇ શકે? ૧૧

नृणामीक्षामात्रादपि परिहरन्त्या भवभयं
शिवायास्ते मूर्त्तेः क इह महिमानं निगदतु? ।
अमर्षम्लानायाः परममनुरोधं गिरिभुवो
विहाय श्रीकण्ठः शिरसि नियतं धारयति याम्॥१२॥

સપત્નીના માને [2]ઉનમન ઉમાને ન ગણવી,
ધરે જેને શમ્ભૂ નિજ શિર દઈ શ્રેષ્ઠ પદવી;
વિલોકયાથી જેને ભવભય જનોના પરહરે,
તમારી મૂર્ત્તીનો કવણ મહિમા વર્ણન કરે? ૧૨

विनिन्द्यान्युन्मत्तैरपि च परिहार्याणि पतितै-
रवाच्यानि व्रात्यैः सपुलकमपास्यानि पिशुनैः ।
हरन्ती लोकानामनवरतमेनांसि कियतां
कदाप्यश्रान्ता त्वं जगति पुनरेका विजयसे॥ १३ ॥

મદોન્મત્ત [3]વ્રાત્યાધમ પતિત પૈશૂન્ય સરવે,
તજી દીધા ત્રાસે બહુ કમકમાટી તન થવે;
જનોનાં તે પાપો શમન કરવા થાક ન તને,
ખરી તો તૂં એક [4]પ્રગટવિભવા લાગછ મને. ૧૩

---

૧ ખરે વખ્તે. ૨ ઉન્મન, ઉચક મનવાળાં. ૩ સંસ્કારવિનાના. ૪ જેનો વૈભવ પ્રગટ છે એવાં.

स्खलन्ती स्वर्लोकादवनितलशोकापहृतये
जटाजूटग्रन्थौ यदसि विनिबद्धा पुरभिदा ।
अये ! निर्लोभानामपि मनसि लोभं जनयतां
गुणानामेवायं तव जननि ! दोषः परिणतः॥१४॥

પધાર્યાં સ્વર્લોકેથકિ [1]ભુતળશોકપ્રમથને,
જટાજૂટે બાંધે [2]પુરહર પ્રયત્નેથિ તમને;
અહો ! નિર્લોભીનાં પણ મન કરે લુબ્ધજ ગુણો—
તમારા એ કારાગૃહ થઇ પડયા, દોષ ગુણનો. ૧૪

जडानन्धान्पंगून्प्रकृतिबधिराननुक्तिविकला-
न्ग्रहग्रस्तानस्ताखिलदुरितनिस्तारसरणीन् ।
निलिम्पैर्निर्मुक्तानपि च निरयान्तर्निपतितो
नरानम्ब ! त्रातुं त्वमिह परमं भेषजमसि ॥ १५ ॥

જડાન્ધો ને પંગૂ વળિ બધિર [3]વાણીવિકળ જે,
ગ્રહે ગ્રાશા ત્રાશા [4]અઘહનનઆશા નહિં સુજે;
તજી દેવે દીધા, [5]નરકપથ લીધાનિ વખતે,
નરો એવાઓને જનનિ ! છું દવા તૂં દૃઢ મતે. ૧૫

स्वभावस्वच्छानां सहजशिशिराणामयमपा-
मपारस्ते मातर्जयति महिमा कोऽपि जगति ।

---

૧ પૃથ્વીપર વસનારા લોકોના શોકનો નાશ કરવા. ૨ શંકર. ૩ મૂગાં.
૪ પાપનો નાશ થવાની આશા. ૫ નરકનો માર્ગ.

मुदा यं गायन्ति द्युतलमनवद्यद्युतिभृतः
समासाद्याद्यापि स्फुटपुलकसान्द्राः **सगरजाः** ॥१६॥

સ્વભાવે જે સ્વચ્છ પ્રગટ જળ ટાઢૂં તુજતણૂં,
થયૂં તે ઉત્કર્ષે યશ સકળ લોકે અતિ ઘણૂં;
પ્રિતે ગાયે જેને **સગરસુત** રોમાંચિત તને,
થઈ છે **સ્વર્લોકે** સુગતિ તુજ [1]યોગે વિભવને. ૧૬

कृतक्षुद्रैनस्कानथ झटिति सन्तप्तमनसः
समुद्धर्तुं सन्ति **त्रिभुवनतले** तीर्थनिवहाः ।
अपि प्रायश्चित्तप्रसरणपथातीतचरिता-
न्नरान्दूरीकर्तुं त्वमिव **जननि!** त्वं विजयसे ॥१७॥

બને કાળે કિંચિત્[2] કલુષ પણ તેથી તપિ જતા—
જનોને ઉદ્ધારે તિરથ બહુ એવાં અહિં [3]છતા;
નહીં પ્રાયશ્ચિત્તે ગતિ પણ તું દે તે કુ નરને,
સમર્થા **ભૂ-ગોલે જનનિ!** તુજ તોલે તુંજ છુંને. ૧૭

निधानं धर्माणां किमपि च विधानं नवमुदां
प्रधानं तीर्थानाममलपरिधानं **त्रिजगतः** ।
समाधानं बुद्धेरथ खलु तिरोधानमधियां
श्रियामाधानं नः परिहरतु तापं तव **वपुः** ॥१८॥

---

૧ વૈભવને યોગે, વૈભવથી. ૨ પાપ. ૩ પ્રખ્યાત.

[૧]નિધાન [૨]શ્રેયોનૂં અનુપમ [૩]વિધાન [૪]પ્રમુદનૂં,
[૫]પ્રધાનાખ્યા તીર્થે, વિમળ [૬]પરિધાન ત્રિજગનૂં;
સમાધાન [૭]પ્રજ્ઞાનુઁ [૮]ધિહિન-તિરોધાનજ ખરે,
શ્રિનૂં એ [૯]આધાન [૧૦]ત્વદિય તનુ [૧૧]મત્તાપજ હરે. ૧૮

पुरो धावंधावं द्रविणमदिराघूर्णितदृशां
महीपानां नाना तरुणतरखेदस्य नियतम् ।
ममैवायं मन्तुः स्वहितशतहन्तुर्जडधियो
वियोगस्ते मातर्यदिह करुणातः क्षणमपि ॥ १९ ॥

મદે શ્રીના અન્ધા મહિપતિ ખરે [૧૨]મદ્યપિ સમા,
ગયો દોડી દોડી શ્રમથિ કર જોડી હજુરમાં;
મતીનાં મંદત્વે શત હિત. બિગાડયાં તજિ તને,
કદી એ છે મારો [૧૩]અનય, કરૂણા યોગ્ય તુજને. ૧૯

मरुल्लीलालोलल्लहरिलुलिताम्भोजपटली-
स्खलत्पांसुव्रातच्छुरणविसरत्कौंकुमरुचि ।
सुरस्त्रीवक्षोजक्षरदगरुजम्बालजटिलं
जलं ते जम्बालं मम जननजालं जरयतु ॥ २० ॥

વધૂ વાયૂ વાઇ લહરિ છલકાઇ નલિનિના—
ખરી રેણૂ કંકૂ સમ સલિલ શોભે તમતણાં;

---

૧ સ્થાન. ૨ ધર્મોનું. ૩ ઉત્પન્ન કરનાર. ૪ હરષનું. ૫ સ્વામી, મુખી એવી જેની આખ્યા, કીર્ત્તી, નામ. ૬ વસ્ત્ર. ૭ બુદ્ધિનું. ૮ બુદ્ધિ-વિનાનાઓનું, આચ્છાદન, ઢાંકણ. ૯ સ્થાપન કરનાર. ૧૦ તારૂં શરીર, જળ. ૧૧ મારો તાપ. ૧૨ છાકટાઓ જેવા. ૧૩ અપરાધ.

મહીં દેવસ્ત્રીના સ્તન-અગરૂનો પંક ઉતરે,
[1]જવે જાતૂં તારૂં જળ જનમજાળૂં મુજ હરે. ૨૦

समुत्पत्तिः पद्मारमणपदपद्मामलनखा-
न्निवासः कन्दर्पप्रतिभटजटाजूटभवने ।
अथायं व्यासङ्गो हतपतितविस्तारणविधौ
न कस्मादुत्कर्षस्तव जननि! जागर्तु जगतः?॥२१॥

થવૂં પેદા [2]પદ્મારમણપદપદ્મામલનખે,
જટા-જૂટે માડી! [3]સ્મરહરતણે માલવું સુખે;
મચ્યા રે'વૂં તારૂં [4]સતત પતિતોદ્ધારકરણે,
પછી જાગે શાને ન જશ [5]જનિ! તારો જગજને? ૨૧

नगेभ्यो यान्तीनां कथय तटिनीनां कतमया
पुराणां संहर्तुः सुरधुनि! कपर्दोऽधिरुरुहे? ।
कया वा श्रीभर्तुः पदकमलमक्षालि सलिलै-?
स्तुलालेशो यस्यां तव जननि! दीयेत कविभिः॥२२॥

નદીયો [6]શૈલોથી નથિ નિકળતી શૂં અતિ ઘણી?
કઈ શમ્ભૂકેરે શિર રહિ સુપેરે મણિ બણી?
[7]સ્વતોયે કો' કોણુ [8]શ્રિપતિચરણોને [9]પુત કરે?
મુકે કોને બોલે, લગિર તુજ તોલે કવિ ખરે! ૨૨

---

૧ વેગથી. ૨ લક્ષ્મીના પતિના ચરણકમળના નિર્મળ નખથી. ૩ શંકર. ૪ હંમેશાં. ૫ માતુશ્રી. ૬ પર્વતોથી. ૭ પોતાના પાણીથી. ૮ વિષ્ણુના પગને. ૯ પવિત્ર.

विधत्तां निःशंकं निरवधि समाधिं विधिरहो
सुखं शेषे शेतां हरिरविरतं नृत्यतु हरः ।
कृतं प्रायश्चित्तैरलमथ तपोदानयजनैः
सवित्री कामानां यदि जगति जागर्ति जननि! ॥२३॥

કરે છો એકાન્તે [૧]નિરવધિ સમાધી કદિ વિધી,
સુખે સૂવે શેષે હરિ, હર કરે [૨]તાંડવવિધી;
ભલે પ્રાયશ્ચિત્તો સુ [૩]યજન તપો દાન ન કરે,
જગે જાગેછે જો જનનિ ! તું [૪]મનોર્થપ્રદ ખરે. ૨૩

अनाथः स्नेहार्द्रां विगलितगतिः पुण्यगतिदां
पतन्विश्वोद्धर्त्रीं गदविगलितः सिद्धभिषजम् ।
सुधासिन्धुं तृष्णाकुलितहृदयो मातरमयं
शिशुः सम्प्राप्तस्त्वामहमिह विदध्याः समुचितम् ॥२४॥

[૫]અનાથ, સ્નેહાળી; ગતિ વિહિન હૂં, તૂં સુગતિ દે,
[૬]જગોદ્ધારા, પાપી; [૭]ગદવિકળ, તૂં ઔષધ ગદે;
[૮]સુધાબ્ધી તૂં માતે !, તૃષિત શિશુ ખાંતે તુજ ચહૂં,
મને રસ્તો ચીંધે ઉચિત, તુજને છૂં શરણુ હૂં. ૨૪

विलीनो वै वैवस्वतनगरकोलाहलभरो
गता दूता दूरं क्वचिदपि परेतान्मृगयितुम् ।

---

1 નિરન્તર. ૨ તાંડવનૃત્ય. ૩ પૂજન. ૪ મનોરથને આપનારી. ૫ સ્નેહાળી તરફ હું અનાથ. ૬ જગોદ્ધારા તરફ હું પાપી. ૭ તું રોગનું ઔષધ તે તરફ હું રોગથી પીડાએલો. ૮ અમૃતના સમુદ્ર તરફ હું તરશ્યાં છોકરો (આવ્યો છું.)

विमानानां व्रातो विघ्लयति वीथीर्दिविषदां
कथा ते कल्याणी यदवधि महीमण्डलमगात्॥२५॥

"પછાડો મારો" એ યમપુરિપુકારો શમિ ગયા,
ફરી પ્રેતો ગોતે [1]યમઅનુચરો તે ક્ષિણ થયા;
ઘસી નાખ્યો રસ્તો સુરગણવિમાનો નિકળિને,
મહી આવ્યો જેવો સુ યશ મહિમા તૂજ સરિને. ૨૫

स्फुरत्कामक्रोधप्रबलतरसंजातजटिल–
ज्वरज्वालाजालज्वलितवपुषां नः प्रतिदिनम् ।
हरन्तां सन्तापं कमपि मरुदुल्लासलहरी—
छटा चंचत्पाथःकणसरणयो दिव्यसरितः! २६

ચ'ડી કામ ક્રોધ પ્રબળ જ્વર તત્તાપજ તણી,
વડી ઝાળો બાળે પ્રતિદિવસ મારૂં તન પુણી;
મડા મોજાં આવ્યે તુજ સુ ઉછળે પાણિકણ તે,
કરે સન્તાપોનૂં શમનજ અહો દેવસરિતે! ૨૬

इदं हि ब्रह्मांडं सकलभुवनाभोगभवनं
तरंगैर्यस्यान्तर्लुठति परितस्तिन्दुकमिव ।
स एष श्रीकण्ठप्रविततजटाजूटजटिलो
जलानां संघातस्तव जननि! तापं हरतु नः॥२७॥

---

૧ યમના દૂત.

અહો! આ **બ્રહ્માંડ ત્રિભુવન**નું મંદીર સુખનૂં,
તરંગોથી જેના અહિં તહિં ફરે [1]તિન્દુક સમૂં;
રહ્યો એવો [2]**મૃત્યુંજય** શુભ જટાજૂટવિષયે,
તમારો [3]**તોયૌઘ** પ્રશમન કરે તાપ સમયે. २७

त्रपन्ते तीर्थानि त्वरितमिह यस्योद्धृतिविधौ
करं कर्णे कुर्वन्त्यपि किल **कपालिप्रभृतयः** ।
इमं तं माम**म्ब**! त्वमियम**नुकम्पार्द्रहृदये**!
पुनाना सर्वेषामघमथनदर्पं दलयसि ॥ २८ ॥

ખસે લાજી તીર્થો પતિતજનઉદ્ધાર કરતાં,
શિવાદી "ના થાયે" કહિ નિજ કરો કાન ધરતા;
હું એવો પાપી તે, મુજ પુનિત પ્રીતે કરિ ખરે,
દયાભીને હૈયે [4]અઘહરકનો ગર્વ તું હરે. २८

श्वपाकानां व्रातैरमितविचिकित्साविचलितै—
र्विमुक्तानामेकं किल सदनमेनःपरिषदाम् ।
अहो मामुद्धर्त्तुं **जननि**! घटयन्त्याः परिकरं
तव **श्लाघां** कर्त्तुं कथमिव समर्थो नरपशुः? ॥२९॥

[5]શ્વપાકશ્રેણીથી બહુજ મુજ નીચી મથવટી,
ન સીમા પાપોની કલુષતણિ હૂં કેવળ [6]કુટી;

---

१ ગુહ્વર, ફળ એક જાતનું. २ શંકર. ३ પાણીનો સમૂહ. ४ પાપના હરણ કરનારનો. ५ ચંડાળોના સમૂહથી. ६ ઝુંપડી.

તમોએ એવાના અઘહનન કાજે કસિ કટી,
તમારી શું [1]શ્લાઘા નરપશુ હું વર્ણૂં વણુ મતી? ૨૯

न कोऽप्येतावन्तं खलु समयमारभ्य मिलितो
यदुद्धारादाराद्भवति जगतो विस्मयभरः ।
इतीमामीहां ते मनसि चिरकालं स्थितवती-
मयं संप्राप्तोऽहं सफलयितुमम्ब ! प्रणय नः ॥ ३० ॥

"મને કોઈ આવો મળિ નહિંજ આવ્યો જન ખરે,"
"જિવોદ્ધારે જેના [2]અખિલ [3]અવની કૌતુક કરે;"
હતી ઇચ્છા એવી બહુ દિવસની માડિ! તુજને,
ખરે અમ્બે! આવ્યો સફળ કરવા તે તુજ કને. ૩૦

श्ववृत्तिव्यासंगो नियतमथ मिथ्याप्रलपनं
कुतर्केष्वभ्यासः सततपरपैशून्यमननम् ।
अपि श्रावंश्रावं मम तु पुनरेवं गुणगणा-
नृते त्वत्को नाम क्षणमपि निरीक्षेत वदनम् ? ॥३१॥

સ્વભાવ શ્વાનોનો, વળિ વદું હું મિથ્યા સ્વ વદને,
કુતર્કાભ્યાસી હૂં, સતત પ્રિય પૈશુન્ય મનને;
કુડા [4]મારા દોષે ભરપુર ગુણો સૂણિ કરણે—
જુવે મોઢૂં કોણુ ક્ષણુ પણુ વિના તૂં સ્વ નયને? ૩૧

---

૧ વખાણ. ૨ બધી. ૩ પૃથ્વી. ૪ દોષોથી ભરપૂર મારા ખોટા ગુણો સાંભળી.

विशालाभ्यामाभ्यां किमिह नयनाभ्यां खलु फलं
न याभ्यामालीढा परमरमणीया तव **तनुः** ।
अयं हि न्यक्कारो **जननि**! मनुजस्य श्रवणयो-
र्ययोर्नान्तर्यातस्तव लहरिलीला**कलकलः** ॥ ३२ ॥

વૃથા લાંબાં લાંબાં નયન જનનાં જે થકિ ખરે—
ન જોવાઈ સારી પરમ [1]તનુ તારી ખુશિભરે;
ખરે ના વર્ણીયે [2]અધમનરકર્ણાડકૃતિ દરે,
ન સૂણ્યો જો તારો ખળખળ થતો શબ્દ મધુરો. ૩૨

विमानैः स्वच्छन्दं **सुरपुर**मयन्ते सुकृतिनः
पतन्ति द्राक्पापा **जननि**! नरकान्तःपरवशाः ।
विभागोऽयं तस्मिन्नशुभमयमूर्तौ जनपदे
न यत्र त्वं **लीला**दलितमनुजाशेषकलुषा ॥ ३३ ॥

વિમાનોમાં બેસી સુરપુરજ જાવૂં સુકૃતિયે,
પડીને પાપિષ્ઠે વિષમ નરકે લેવિ ગતિ એ;
વ્યવસ્થા તો એવી અશુભમય દેશે કાર સહી,
જહાં તારી **લીલા** કલુષહરિણી હોયજ નહીં. ૩૩

अपि घ्नन्तो विप्रानविरतमुशन्तो गुरुसतीः
पिबन्तो मैरेयं पुनरपि हरन्तश्च कनकम् ।
विहाय **त्वय्यन्ते** तनुमतनुदानाध्वरजुषा-
मुपर्य**म्ब**! क्रीडन्त्यखिलसुरसंभावितपदाः ॥ ३४ ॥

---

१ મૂર્તી, જળ. ૨ અધમજનોના કાનની આકૃતિનાં દરો.

હણે જે વિપ્રોને, ગમન ગુરૂની સ્ત્રીથિજ કરે,
વળી ચોરે સોનૂં, સતત મદિરાને મુખ ધરે;
મહા પાપી એવા તુજ તિર તજે દેહ નિજ જો,
કરે ક્રીડા દેવોથકિહિ ચડિયાતી **જનનિ**! જો. ૩૪

अलभ्यं सौरभ्यं हरति सततं यः सुमनसां
क्षणादेव प्राणानपि विरहशस्त्रक्षतहृदाम् ।
त्वदीयानां लीलाचलितलहरीणां व्यतिकरा-
त्पुनीते सोऽपि द्रागहह **पवमानस्त्रिभुवनम्**! ॥३५॥

સુગન્ધો જે લેછે દુરલભ હરીને સુમનના,
ક્ષણે લેછે પ્રાણો [1]વિરહઅસિયે ઘાયલતણા;
ખરે! વાયૂ તારી ચલ લહરિ યોગેં સુ વિભવે,
સ્વ સંચારે **માડી**! **ત્રિભુવન** કરે શુદ્ધજ હવે. ૩૫

कियन्तः संत्येके नियतमिह लोकार्थघटकाः
परे पूतात्मानः कति च परलोकप्रणयिनः ।
सुखं शेते **मात**स्तव खलु कृपातः पुनरयं
जगन्नाथः शश्वत्त्वयि निहितलोकद्वयभरः ॥ ३६ ॥

ઘણા લોકો ખાંતે, પર શુભ હિતાર્થે નિત મથે,
પવિત્રાત્મા કોઈ જતનજ કરે સ્વર્ગ અરથે;
કૃપાયે નીરાન્તે સુવુંછું હું **જગન્નાથ જનની**!
મુકી બે લોકોની તુજ પરજ ચિન્તા સુખિ બની. ૩૬

---

૧ વિરહરૂપી શસ્ત્ર.

भवत्या हि व्रात्याधमपतितयाऽखण्डपरिष-
त्परित्राणस्नेहः श्लथयितुमशक्यः खलु यथा ।
ममाप्येवं प्रेमा दुरितनिवहेष्वंब ! जगति
स्वभावोऽयं सर्वैरपि खल यतो दुष्परिहरः ॥ ३७ ॥

જગે આ જે વ્રાત્યાઽદિક અધમ દેહો નિપજિયા,
[1]પરિત્રાણે તેનાં મન નહિં હઠે તારૂં જ્યમ આ;
ન છૂટે તે રીતે મુજ પ્રિતિ કદી પાતકથકી,
સ્વભાવો છોડાયે નહિં જનનિ ! કોઈથકિ નકી. ૩૭

प्रदोषान्तर्नृत्यत्पुरमथनलीलोद्धृतजटा-
तटाभोगप्रेङ्खल्लहरिभुजसन्तानविधुतिः ।
बिलक्रोडक्रीडज्जलडमरुटङ्कारसुभग-
स्तिरोधत्तां तापं त्रिदशतटिनीताण्डवविधिः ॥

[2]પ્રદોષાન્તે નૃત્યે પુરહરજટા ઝૂકિ વિચિ રે—
ઉઠયે આવો ભાવો ખુબિથિ કર જાણે તુજ કરે;
રૂડૂં વાગે નૃત્યે ખળખળ થતૂં તોય-ડમરૂ,
હરો તારો નૃત્યોત્સવ જનનિ ! તાપો, સ્તુતિ કરૂં. ૩૮

सदैव त्वय्येवार्पितकुशलचिन्ताभरमिमं
यदि त्वं मामम्ब ! त्यजसि समयेऽस्मिन्सुविषमे ।

---

१ રક્ષણ, ઉદ્ધરણ. ૨ પ્રદોષ વખત પછી શંકર નાચતાં તેમની જટા ઝુકેછે તે વખ્તે, તારી વીચી, મોજાં લહરી ઉઠવાથી જાણે તારા હાથ આવભાવ કરતા હોય નહીં. (એમ જણાયછે.)

तदा विश्वासोऽयं **त्रिभुवन**तलादस्तमयते
निराधारा चेयं भवति खलु निर्व्याजकरुणा ॥ ३९ ॥

મુકી તારે માથે મુજ કલુષચિન્તા સરવદા,
છતાં ત્યાગે **અમ્બે**! [1]વિષમ સમયે જો મુજ કદા,
ખરે! જાશે તારો અલિ જનનિ! વિશ્વાસ જગમાં;
નિરાધારે થાશે પછિ સહજ કારૂણ્ય ખુલું મા! ૩૯

कपर्दादुल्लस्य प्रणयमिलदर्धाङ्गयुवतेः
पुरारेः प्रेङ्खन्त्यो मृदुलतरसीमन्तसरणौ ।
भवान्या सापत्न्यस्फुरितनयनं कोमलरुचा
करेणाक्षिप्तास्ते **जननि**! विजयन्तां **लहरयः**॥४०॥

જહાં આલિંગેછે સપ્રિતિ ઉમયાજી શિવજિને,
પડ્યાથી સેંથામાં તુજ સલિલ ત્યાં ક્રુદ્ધ થઇને;
ઉમા દ્વેષે હસ્તે લુતિ નિરખતી રક્ત નયને,
સપત્નીલીલા એ તુજતણિ સુ પામો વિજયને. ૪૦

प्रपद्यन्ते लोकाः कति न भवतीमत्रभवती-?
मुपाधिस्तत्रायं स्फुरति यदभीष्टं वितरसि ।
शपे तुभ्यं **मातर्**मम तु पुनरात्मा **सुरधुनि**!
स्वभावादेव त्वय्यमितमनुरागं विधृतवान् ॥ ४१ ॥

---

१ કઠણ વખતે.

કયા નાવે કો'ને શરણ ચરણોને તમતણે ?
પ્રતીતી એ તેની જનનિ! અરપે ઇષ્ટ ફળને;
મમાત્મા તો[1] તારા સમ મુજ સ્વભાવે તુજે કને,
રહ્યો રાખી માડી! અમિત અનુરાગ પ્રતિદિને. ૪૧

ललाटे या लोकैरिह खलु सलीलं तिलकिता
तमो हन्तुं धत्ते तरुणतरमार्तण्डतुलनाम् ।
विलिम्पन्ती सद्यो विधिलिखितदुर्वर्णसरणिं
त्वदीया सा मृत्स्ना मम हरतु कृत्स्नामपि शुचम् ॥४२॥

લલાટે લોકોએ કિધું તિલક જેનૂં સરસ તે—
લુવે[2] દુર્વર્ણોની લિપિ વિધિ રૂડો લેખક છતે;
તમપ્રધ્વંશાર્થે ઉચિત ખરિ [3]માર્તંડઉપમા,
અમારી[4] એ તારી રજ પરહરે શોકગરિમા. ૪૨

नरान्मूढांस्तत्तज्जनपदसमासक्तमनसो
हसन्तः सोल्लासं विकचकुसमव्रातमिषतः ।
पुनानाः सौरभ्यैः सततमलिनो नित्यमलिना-
न्सखायो नः सन्तु त्रिदशतटिनीतीरतरवः ४३

વસે હોંશે નાના જન તુજ વિનાના [5]જનપદે,
ખિલી ફૂલે જાણે મુઢતણિ કરે હાંસિજ મદે;

---

૧ તારા સોગન. ૨ દારીદ્રય સૂચક દુષ્ટાક્ષરો. ૩ સૂર્ય. ૪ એ તારી રજ અમારી શોક ગરિમા–શોકાતિશયને પરહરે. ૫ દેશ.

સુગંધીએ જેની મલિન ભ્રમરો પૂતજ બને,
થજો તારા સારા તટતરૂતણૂં સખ્ય અમને. ૪૩

यजन्त्येके देवान्कठिनतरसेवांस्तदपरे
वितानव्यासक्ता यमनियमरक्ताः कतिपये ।
अहं तु त्वन्नामस्मरणकृतकामस्त्रिपथगे !
जगज्जालं जाने जननि! तृणजालेन सदृशम्॥४४॥

ઘણે કષ્ટે સેવા કરિ કઇક દેવાદિક પુજે,
બિજા યજ્ઞે નિષ્ઠા ધરિ [1]મનતણૂં સંયમ ભજે;
પરન્તૂ હૂં તારૂં સ્મરણ કરિ ફૂલાઈ ફરતાં,
ગણૂં મારે લેખે તૃણ સમ જગજ્જાળ જનિતા! ૪૪

अविश्रान्तं जन्मावधि सुकृतजन्मार्जनकृतां
सतां श्रेयःकर्तुं कति न कृतिनः सन्ति विबुधाः ।
निरस्तालम्बानामकृतसुकृतानां तु भवतीं
विनामुष्मिँल्लोके न परमवलोके हितकरम् ॥ ४५ ॥

સુકર્મો જે જન્મ [2]પ્રભૃતિ વિધિથી નિત્યજ કરે,
કરે તેવાઓનૂં [3]અવન સુર એવા બહુ ખરે!
પરન્તૂ જે પાપી જનમથિ નિરાધાર કુમતી;
નહીં તેને તારા સમ જનનિ! કોઈ પરગતી. ૪૫

---

૧ મનઉપર દબાણ કરવાની ક્રીયાને ઇચ્છે છે. ૨ વગેરે, આદિ.
૩ રક્ષણ.

पयः पीत्वा मातस्तव सपदि यातः सहचरै-
विमूढैः संरन्तुं क्वचिदपि न विश्रान्तिमगमम् ।
इदानीमुत्सङ्गे मृदुपवनसंचारशिशिरे
चिरादुन्निद्रं मां सदयहृदये! शायय चिरम् ॥४६॥

પયો પીને તારાં જનનિ! શિશુ ભાવે, મુઢ શિશૂ-
સમાજોની માંહે રમણ કરિ થાક્યો, કરવું શૂં?
હવે તો ખોળામાં ઝટ જનનિ! સૂવાડ મુજને,
સુખસ્પર્શી તાપો પવનજ હરે જ્યાં અનુદિને. ૪૬

बधान द्रागेव द्रढिमरमणीयं परिकरं
किरीटे बालेंदुं नियमय पुनः पन्नगगणैः ।
न कुर्यास्त्वं हेलामितरजनसाधारणतया
जगन्नाथस्यायं सुरधुनि! समुद्धारसमयः ॥ ४७ ॥

અલી પે'લી વે'લી કટિ કસ મજાની ઝડપથી,
પછી બાંધે માડી! મજબુત શશીને સરપથી;
નહીં કીજે હેળા[1] મુજ ઈતર સાધારણ ગણી,
સુધારે આ વેળા મુગતિનિ જગન્નાથ દિનની. ૪૭

शरच्चन्द्रश्वेतां शशिशकलशुभ्रालमुकुटां
करैः कुम्भाम्भोजे वरभयनिरासौ च दधतीम् ।

---

1 અવજ્ઞા.

सुधाधाराकाराभरणवसनां शुभ्रमकर-
स्थितां त्वां ये ध्यायन्त्युदयति न तेषां परिभवः ॥४८॥

[1]શરચ્ચન્દ્રશ્વેતા, શશિ સરપ ઓપે સુ મુગુટે,
ધરે[2] કુંભાબ્જો ને વર અભય ચારે કરપુટે;
[3]સુધાધારા વસ્ત્રાભરણુ, ચ'ડિયાં શ્વેત મકરે,
તને ધ્યાતાં એવી પરિભવ ન પામે જન ખરે. ૪૮

पृथ्वी वृत्त.

दरस्मितसमुल्लसद्वदनकान्तिपूरामृतै-
र्भवज्वलनभर्जितानुनिशमूर्जयन्ती नरान् ।
चिदेकमयचन्द्रिकाचयचमत्कृतिं तन्वती
करोतु मम शं तनोः सपदि शंतनोरङ्गना ॥४९॥

સુમન્દ હસતાં ખિલેલ મુખ–કાન્તિ–પુંજામૃતે,
શમાવતિજ માનવો ભવદવાગ્નિમાં દાઝતે;
ધરી [4]વિશદ ચિત્પ્રભામય અપૂર્વ એ રૂપને,
કરે મુજ સુખી ત ્ ખચિત [5]શાંતનૂઅંગને! ૪૯

शार्दूलविक्रीडित वृत्त.

मन्त्रैर्मीलितमौषधैर्मुकुलितं त्रस्तं सुराणां गणैः
स्रस्तं सान्द्रसुधारसैर्विदलितं गारुत्मतैर्ग्रावभिः ।

---

૧ શરદ્ ૠતુના ચંદ્ર જેવાં ઉજ્વળ. ૨ ચાર હાથરૂપી પડિયામાં કુંભ, કમળ, વર, અને અભય ધારણ કરેલ છે. ૩ અમૃતની ધારારૂપી પટાભૂ-પણવાળાં. ૪ સફેદ, સ્વચ્છ, સુંદર. ૫ ગંગા.

वीचिक्षालितकालियाहितपदे स्वर्लोककल्लोलिनि!
त्वं तापं निरयाधुना मम भवव्यालावलीढात्मनः ॥ ५० ॥

[1]મંત્રો મૌન થયા, [2]મહૌષધિગતી સંકોચ પામી ઘણી,
[3]ત્રાશા દેવ, [4]સુધારસો સરિ ગયા, [5]ભાંગી પડ્યા છે મણી;
હે [6]મન્દાકિનિ! કાલિયપ્રમથને ધોયા હરીચર્ણને,
માટે આ [7]ભવનાગદંશનિ પિડા મારી કરો હર્ણને. ૫૦

स्रग्धरा वृत्त.

द्यूते नागेन्द्रकृत्तिप्रमथगणमणिश्रेणिनन्दीन्दुमुख्यं
सर्वस्वं हारयित्वा स्वमथ पुरभिदि द्राक्पणीकर्तुकामे।
साकूतं हैमवत्या मृदुलहसितया वीक्षितायास्तवाम्ब!
व्यालोलोल्लासिवल्गल्लहरिनटघटी ताण्डवं नः पुनातु

દ્યૂતે [8]નાગેન્દ્રચર્મ પ્રમથ ગણ મણી નન્દિ ચન્દ્ર સ્મરારી,
હાર્યા સર્વે ઉમાથી સ્વ તન પછિ ધરે હોડમાં ત્રીપુરારી;
એવે ટાણે હસન્તી તુજ તરફ જુવે પાર્વતી ગૂઢ ભાવે,
ક્રોધોર્મીની તું લીલા કિધિ ખુબ, અમને જાળવે તે પ્રભાવે.૫૧

उपजाति वृत्त.

विभूषितानङ्गरिपूत्तमाङ्गा सद्यः कृतानेकजनार्तिभङ्गा ॥
मनोहरोत्तुङ्गचलत्तरङ्गा गङ्गा ममाङ्गान्यमलीकरोतु ॥५२॥

---

* ૧ મંત્રો મુંગા થયા. ૨ ઔષધીયોની ગતિ મુંઝાઈ. ૩ દેવ ત્રાસી ગયા. ૪ અમૃતરસ ખૂટયા. ૫ મણી ભાંગી પડ્યા. ૬ ગંગા. ૭ ભવરૂપી નાગ મને ડશ્યો છે માટે તે પીડા હરણ કરો. ૮ ગજચર્મ.

થઈ અલંકાર [1]શિવોત્તમાંગે, સ્નાને જનોના [2]અઘશૈલ ભાંગે;
અપૂર્વ શોભા દિસતી તરંગે[3] મારાંગને પૂત કરે તું ગંગે! ૫૨

अनुष्टुप् वृत्त.

इमां पीयूषलहरीं जगन्नाथेन निर्मिताम् ।
यः पठेत्तस्य सर्वत्र जायन्ते सुखसम्पदः ॥ ५३ ॥

રૂડી [4]પીયૂષલહરી જગન્નાથે રચેલ જે,
જે ભણે સર્વદા તેને સંપદા સુખ ઊપજે. ૫૩

इति श्रीशिवात्मजेन रामचन्द्रेण प्रणीता गुर्ज्जरी
समश्लोकी गङ्गालहरी समाप्ता. ॥

---

૧ શિવજીના શિરને વિષે. ૨ પાપના પર્વત. ૩ મારા અંગને.
૪ અમૃતની લહરી.